NO.FRC/RJT-34 /PRO/2019-20/ 66

# ફી નિયમન સમિતિ
# રાજકોટ ઝોન– રાજકોટ
# તા.૧૯/૦૨/૨૦૨૦

**શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા(દેસાઈ) ઈંગ્લીશ સ્કુલ**
બોસમીયા કોલેજ કેમ્પસ, જુનાગઢ રોડ
તા. જેતપુર જી. રાજકોટ

## નિર્ણય

[1] શાળાની દરખાસ્તની સુનાવણી અને શાળાની ફીનો નિર્ણય કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો–સીવીલ એન્જીનીયર શ્રી ડી.ડી. છનિયારા,શિક્ષણશાસ્ત્રી શ્રી એમ.વી.નાગાણી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી હિતેષભાઈ શાહએ શાળાને સાંભળીને લીધેલ છે.આજ રોજ હુકમ કરવાના સમયે સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓએ સહી કરેલ છે.

[2] સદર શાળાની પ્રિ– કે. થી ધો.૫ સુધી અંગ્રેજી માધ્યમના વર્ગોનો ફી નિર્ધારણનો હુકમ અત્રેની સમિતિએ તા.૨૪–૦૫–૧૮ ના રોજ કરેલ. હાલની દરખાસ્ત અરજી શાળાએ ૨૦૧૯–૨૦ થી ત્રણ વર્ષ માટે ફી નિર્ધારણનો હુકમ કરે છે.

[3] સમિતિએ તા. ૨૪–૦૫–૧૮ ના હુકમમાં ૨૦૧૭–૧૮ તથા ૨૦૧૮–૧૯ ના વર્ષ માટે – શાળાના હિસાબો તથા વિગતવાર રજુઆત તપાસી – નીચે મુજબની ફી નિર્ધારણનો હુકમ કરેલ.

| *Std* | *2017-18* | *2018-19* |
|---|---|---|
| *Pre-KG to KG2* | *27500* | *29000* |
| *1 TO 5* | *30000* | *32000* |

[4] શાળાએ દરખાસ્તના સમર્થનમાં જરૂરી પત્રકો તથા હિસાબો રજુ રાખેલ છે.

[5] દરખાસ્ત સબંધે શાળાને સાંભળ્યા.

[6] શાળાની રજુઆત છે કે ૨૦૧૯–૨૦ થી પ્રતિ વર્ષ આગલા વર્ષ કરતા ઓછામાં ઓછો ૧૦% જેટલો ફી વધારો મંજુર કરવો જોઈએ.આ રજુઆતના સમર્થનમાં શાળાએ જણાવેલ કે સ્ટાફનો – ખાસ તો ટીચીંગ સ્ટાફનો – વધતો જતો પગાર ખર્ચ તથા પ્રતિ વર્ષ આગલી સાલ કરતા વધુ એક વર્ગના કલાસો શરૂ કરવા માટે માળખાકિય સુવિધા ઉભી કરવા માટે કરવો પડતો ખર્ચ ધ્યાનમાં લેતા જણાશે કે સુચિત વધારો એકદમ વાજબી છે. વિશેષ રજુઆત કરાયેલ કે રૂા.૫ કરોડ થી વધારે કિંમતનું બિલ્ડીંગ ટ્રસ્ટએ શાળાને ઉપયોગ માટે આપેલ છે. આ બિલ્ડીંગનું કોઈ ભાડુ શાળા કલેઈમ કરતી નથી. એટલુ જ નહી પરંતુ ઘસારો પણ માંગતી નથી. શાળાનુ કથન છે કે બિલ્ડીંગની બજાર કિંમત ધ્યાનમાં રાખી માત્ર અડધા ટકા જેટલો ઘસારો ગણીએ તો પણ સુચિત ફી વધારા કરતા ઘણો ઉંચો ફી વધારો શાળા માંગી શકે. આ સંજોગોમાં સુચિત ફી વધારો મંજુર કરવા ભારપુર્વક રજુઆત કરાયેલ.

NO.FRC/RJT-34 /PRO/2019-20/ 66

[7] ચાલુ સાલ એટલે કે ૨૦૧૯–૨૦ થી શાળાએ ધો.૬ ના વર્ગો શરૂ કરેલ છે.શાળામાં ૨૦૧૭–૧૮ ના વર્ષમાં કુલ વિદ્યાર્થીઆની સંખ્યા ૫૭૧ રહેલ તે પછી ૨૦૧૮–૧૯ ના વર્ષમાં ૬૮૩ થયેલ અને ચાલુ સાલ એટલે કે ૨૦૧૯–૨૦ ના વર્ષમાં ૭૯૦ વિદ્યાર્થીઓ શાળામાં અભ્યાસ કરે છે.

[8] નીચેના કારણોસર સમિતિ, કારણોને અંતે જણાવેલ ફીનાં માળખા મુજબની ફી નિર્ણિત કરે છે.

(૧) શાળાના હિસાબો જોતા છેલ્લા ત્રણ વર્ષની આવક ખર્ચની વિગત જોઈએ તો ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

| YEAR | INCOME IN LACS. | EXPENSE IN LACS. | PROFIT/LOSS IN LACS. |
|---|---|---|---|
| 2016-17 | 118.92 | 100.85 | +18.07 |
| 2017-18 | 158.98 | 135.34 | +23.64 |
| 2018-19 | 195.52 | 176.18 | +19.34 |

ટુંકમાં, ઉપરોકત વિગત પરથી જણાશે કે શાળાને ૨૦૧૬–૧૭ તથા ૨૦૧૭–૧૮ ની સાલામાં આશરે ૧૫% જેટો નફો રહેલ છે. જયારે ૨૦૧૮–૧૯ ના વર્ષમાં આશરે ૧૦% જેટલો નફો છે.સદર ત્રણ વર્ષની આ મુજબની આર્થિક સ્થિતિ ધ્યાનમાં લેતા કહી શકાય કે પ્રથમ બે વર્ષ શાળાની સ્થિતિ એ પ્રકારની છે કે ફી નિર્ધારણ માટે નજીવો હસ્તક્ષેપ યોગ્ય ગણાય. અબલત,તેવા કિસ્સામાં, કેસના સંજોગો સમિતિ ધ્યાનમાં લઈને આ મુજબનો હુકમ કરે. શાળાને ૨૦૧૮–૧૯ ના વર્ષમાં નફામાં ઘટાડો થયેલ છે,તેનુ એક મહત્વનું કારણ પગારમાં કરવામાં આવેલ વધારો છે.

(૨) શાળાએ રજુ રાખેલ સેલેરી સ્ટેટમેન્ટ પરથી જણાશે કે જાન્યુઆરી – ૨૦૧૮ માં રૂા.૬,૬૮,૫૨૦ પગાર ખર્ચ હતો. તે વધીને જાન્યુઆરી – ૨૦૧૯ માં રૂા.૭,૮૦,૧૫૯ થયેલ છે. અને આ ખર્ચ જાન્યુનઆરી – ૨૦૨૦ માં રૂા.૯,૩૩,૩૨૫ થયેલ છે. પગાર ખર્ચ અંગેની આ હકીકતને જો આધાર ગણીએ તો આ ખર્ચને કારણે નફામાં ઘટાડાને અસર થયેલ હોવાનું શકય છે.

(૩) હિસાબોમાં શાળા દવારા બિલ્ડીંગનો કોઈ ઘસારો કે ભાડુ ઉધારવામાં આવેલ નથી.તે હકીકત પણ ધ્યાનમાં લેવા યોગ્ય ગણાય.

(૪) શાળાના ૨૦૧૭–૧૮ તથા ૨૦૧૮–૧૯ ના વર્ષોના હિસાબો જોતા ધ્યાન ખેચે તેવો ખર્ચ છે તે " સ્ટુડન્ટ બુકસ ખર્ચ " છે.આ ખર્ચ ૨૦૧૭–૧૮ તથા ૨૦૧૮–૧૯ ના વર્ષમાં અનુક્રમે રૂા.૮,૪૦,૦૦૦/– તથા રૂા.૧૦,૩૫,૦૦૦/– છે. શાળામાં ૨૦૧૯–૨૦ સુધી પ્રિ–પ્રાયમરી તથા ધો.૧ થી ૬ ના વર્ગો કાર્યરત હતા. તે હકીકત તથા વિદ્યાર્થીઓની સંખ્યા જોતા " સ્ટુડન્ટ બુકસ ખર્ચ " દેખીતી રીતે વધારે છે.શાળાના

NO.FRC/RJT-34 /PRO/2019-20/ 66

હિસાબોમાં લાયબ્રેરી બુકસ ખર્ચ અલગથી ઉધારેલ નથી. અંશતઃ બુકસ લાયબ્રેરીના ઉપયોગની હોય તેમ ગણીએ તો વિદ્યાર્થીઓની સંખ્યા જોતા રૂા.૧૦૦૦/– બુકસ ખર્ચ પ્રતિ વિદ્યાર્થી દીઠ હશે તેમ માનવુ ભુલભરેલ ગણાશે નહી. કેસના સંજોગોમાં સમિતિએ નીચે મુજબની ફી નિર્ણિત કરેલ છે તે બુકસ ખર્ચ સહીતની છે. આ ફી વૈકલ્પિક રહે.આ અંગે વિશેષ હુકમ હવે પછીના પારામાં કરેલ છે.

[9] કેસના સંજોગો અને હકીકત ધ્યાનમાં રાખી સમિતિને નીચે મુજબની ફી નિર્ધારીત કરવાનું યોગ્ય અને વાજબી જણાયેલ છે.

| STD | **2019-20 APPROVED BY FRC** | **2020-21 APPROVED BY FRC** | **2021-22 APPROVED BY FRC** |
|---|---|---|---|
| PRE KG TO KG2 | **31900** | **34500** | **37500** |
| 1-6 | **35200** | **38000** | **41000** |
| 7 | **-** | **38000** | **41000** |
| 8 | **-** | **-** | **41000** |

**[10] ઉપરોકત ફીમાં રૂા.૧૦૦૦/– બુકસ ખર્ચનો સમાવેશ થયેલ છે. જે કોઈ વિદ્યાર્થી કોઈ પણ બુકસ લેવા ન માંગતો હોય તે વિદ્યાર્થીને ઉપરોકત ફીમાં શાળાને રૂા.૧૦૦૦/– ની રાહત આપવાની રહેશે.**

[10.1] બુકસ ખર્ચ અંગે વિશેષ સ્પષ્ટતા કે આ હુકમ કરવામાં આવે તે દરમ્યાન ૨૦૧૯–૨૦ નું શૈક્ષણિક વર્ષ પુર્ણ થવાના આરે હોય બુકસ ખર્ચ અંગેનો આદેશ ચાલુ વર્ષ માટે એટલે કે ૨૦૧૯–૨૦ માટે એકેડમીક બની રહે.૨૦૨૦–૨૧ તથા ૨૦૨૧–૨૨ ના વર્ષો માટે આ વૈકલ્પિક ખર્ચ અંગે હવે પછી હુકમ કરવામાં આવશે. સંચાલકશ્રીએ ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે ૩૧ જુલાઈ ૨૦૨૦ સુધીમાં અથવા બુકસ ખરીદી કરે તે બે તારીખથી જે વહેલી તારીખ હોય તે તારીખથી વાજબી સમયમાં પરંતુ તા.૩૧–૦૭–૨૦૨૦ થી મોડે નહી– આ અંગે સમિતિનું ધ્યાન દોરી આ વૈકલ્પિક ખર્ચ અંગે સ્પષ્ટતા મેળવવાની રહેશે. તે જ રીતે ૨૦૨૧–૨૨ ના વર્ષ માટે આ વૈકલ્પિક ખર્ચ અંગે હવે પછી હુકમ કરવામાં આવશે.**આ શરતોને આધિન ૨૦૨૦–૨૧ ના વર્ષની ફી સંચાલકશ્રી લઈ શકશે.**

[11] **સમિતિએ ઉપર મુજબ ૨૦૧૯–૨૦ ના વર્ષની ફી નકકી કરેલ છે. તેની પુરતી જાહેરાત કાયદાનુસાર શાળાએ કરવાની રહેશે.જેથી વાલીઓને ફી નકકી કરયાની જાણ થાય.**

[12] **શાળાએ વર્ષ ૨૦૧૯–૨૦ ના વર્ગોમાં સમિતિએ નિર્ધારીત કર્યા મુજબની ફી લે છે/ લેવાની છે તે અંગેનું એફીડેવીટ તા. ૦૧/૦૪/૨૦૨૦ સુધીમાં તથા ૨૦૨૦–૨૧ તથા ૨૦૨૧–૨૨ ના જે તે વર્ષના ફેબ્રુઆરી માસમાં જિલ્લા શિક્ષણાધિકારી મારફત અત્રેની કચેરીને અચુક મોકલવાની રહેશે.**

[13] **આ નિયત કરેલ ફી સબંધે સ્પષ્ટતા કે,આ ફી નામદાર સુપ્રિમ કોર્ટના આખરી હુકમને આધીન રહેશે.**

NO.FRC/RJT-34 /PRO/2019-20/ 66

[14] આ હુકમથી જો તમે નારાજ હોય તો આ હુકમ તમોને મળ્યેથી દીવસ ૨૧ માં ફી રીવીઝન કમિટિ પ્રથમ માળ S.T.T.I.-G.C.E.R.T.S. કેમ્પસ સેકટર–૧૨,ગાંધીનગર રીવીઝન કરી શકાશે.

અધ્યક્ષ
ફી નિયમન સમિતિ–રાજકોટ ઝોન
ન્યાયાધીશ ગુજરાત હાઈકોર્ટ(નિવૃત)

( એમ. વી. નાગાણી)
સભ્ય ,
શિક્ષણશાસ્ત્રી
ફી નિયમન સમિતિ, રાજકોટ.

( ડી.ડી.છનિયારા )
સભ્ય ,
સીવીલ એન્જીનીયર
ફી નિયમન સમિતિ, રાજકોટ.

(ડી.વી. મહેતા)
સભ્ય,
સંચાલક મંડળના પ્રતિનિધિ
ફી નિયમન સમિતિ,રાજકોટ